**પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર**

**માત્ર શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટેનો સુધારો**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૯૬૬-૪૦૦૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૫/૧૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધોરણ-૧૧ માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :- ૧. અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૪૪૫-૮૫, તા.૦૧/૦૬/૨૦૨૦.
૨. અત્રેની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરીને ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો-૧૧ માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ-૧ ના પરીપત્ર મુજબ પ્રવેશ આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-૬૨ બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી.

સંદર્ભ-૧ ના ઉક્ત પરિપત્રમાં ધોરણ-૧૧ માં પ્રવેશતા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૧૧માં પ્રવેશ આપવાનું જણાવવામાં આવેલ છે.

ઉક્ત બાબત અંગે અત્રેની કચેરીને મળેલ રજૂઆતોમાં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૦૧/૦૬/૨૦૨૦ના પરિપત્ર અન્વયે અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ફરજિયાત ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન વિષયો સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય તો જ ધોરણ-૧૧ માં પ્રવેશ મળી શકે છે. જે વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય પરંતુ સામાજિક વિજ્ઞાન વિષય સાથે ધોરણ-૧૦ પાસ ન કરેલ હોય તેમને પ્રવેશ મળી શકતો નથી. તેથી તેઓને ધોરણ-૧૧ માં પ્રવેશ મળે તેવું કરવા વિનંતી કરેલ છે.

Scanned with CamScanner

ઉક્ત બાબત અંગે અત્રેની કચેરીની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના હિતમાં માત્ર શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે જ અત્રેના તા.૦૧/૦૬/૨૦૨૦ ના પરિપત્રમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

**"જે વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સમકક્ષતા ધરાવતા અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ સામાજિક વિજ્ઞાન વિષય સાથે પાસ ન કરેલ હોય પરંતુ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી તેમજ અન્ય વિષય સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૧૧ માં પ્રવેશ મેળવી શકશે. બોર્ડના તા.૦૧/૦૬/૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સમકક્ષતા ધરાવતા અન્ય બોર્ડમાંના વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાનના વિષયો સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૧૧ માં પ્રવેશ મેળવી શકશે તે બાબતનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવામાં આવશે."**

અત્રેના તા.૦૧/૦૬/૨૦૨૦ ના પરિપત્રમાં દર્શાવેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે. ઉક્ત વિગતે ધોરણ-૧૧ માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી તા.૧૫/૧૨/૨૦૨૦ સુધીમાં પ્રવેશ આપી શકાશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(બી.એન.રાજગોર)

પરિ. નં. 617

ક્રમાંક:/પરીક્ષા/પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર /૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૦૭/૧૨/૨૦૨૦

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner